નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૦૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૨૨-૦૧-૨૦૦૭.

:-: પ રિ પ ત્ર :-:

વિષય:- <u>સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટના વિસ્તરણ માટે ઔદ્યોગિક પ્લોટ તબદીલ થવાના પ્રસંગે વસુલ મેળવવાની તબદીલી ફી બાબત.</u>

વંચાણમાં લીધું:-

(૧) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/રસુ/સીઈટીપી/વકનિ/૩૧-૯૮૯-૯૭ તા.૦૬-૦૨-૧૯૯૭.

(૨) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/રસુ/સીઈટીપી/૬/૯૮ તા.૩૧-૦૧-૧૯૯૮.

(૩) પરિપત્ર ક્રમાંક. જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/ ૨૧ તા.૨૨-૧૨-૨૦૦૬.

વસાહત મંડળ કે વસાહત મંડળે અધિકૃત કરેલ સંસ્થા દ્વારા ઔદ્યોગિક વસાહતમાં સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ વિકસાવવા નિગમે જમીન ફાળવી હોય અને સમયાંતરે વધારાની સુવિધાઓ ઉપલબ્ધ કરવા સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ માટે વધારાની જમીન મેળવવાની આવશ્યકતાં રહે ત્યારે શુધ્ધિકરણ પ્લાન્ટને લગત પ્લોટ મેળવવામાં આવે તે વેળાએ વસુલ મેળવવામાં આવતી તબદીલી ફી ની રકમમાં રાહત આપવા અંગે નિગમને મળેલી રજુઆતને અનુલક્ષીને નિગમની તા.૧૬-૧૨-૨૦૦૬ ના રોજ મળેલી ૪૩૧ મી સભા સમક્ષ એક કાર્યસુચિ રજુ કરવામાં આવી હતી.

સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટના વિસ્તરણ માટે વસાહત મંડળ કે સંયુકત શુધ્ધિકરણ પ્લાન્ટ ચલાવતી સંસ્થા દ્વારા લગત પ્લોટ મેળવી તેની તબદીલી અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવે તે સમયે નિગમના ધારા ધોરણ અનુસાર વસુલ મેળવવાની તબદીલી ફી ની રકમના ૫૦ ટકા પ્રમાણે તબદીલી ફી વસુલ મેળવવા નિગમે નિર્ણય કર્યો છે.

તબદીલીના વિસ્તાર અંગે થયેલી સત્તા સોંપણીને અનુલક્ષીને મળતી દરખાસ્તો અંગે નિગમના તમામ વિતરણ અધિકારીઓએ કાર્યવાહી કરવાની રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજર(વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીઓ તરફ.....

રવાના કર્યુ
મેનેજર(મહેકમ)

AM(H(T)-II